સને ૨૦૧૯-૨૦ ના વર્ષના લેખાનુદાનમાં સમાવિષ્ટ ચાલુ બાબતોને ઉક્ત નાણાંકીય વર્ષના આગળના આઠ માસ માટે વહીવટી મંજુરી આપવા બાબતનો ઠરાવ.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૮/૧૨૦૩૧૯/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૦૮/૨૦૧૯

વંચાણે લીધા:
(૧) નાણાં વિભાગનો તા.૦૬/૦૩/૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક:ખરચ/૧૦૨૦૧૮/૧૨૫૮/બ
(૨) સા.ન્યા. અને અધિ. વિભાગનો તા.૧૪/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

- ઠ રા વ -

નાણા વિભાગના ઉપર (૧) સંદર્ભ હેઠળના પરિપત્રથી સને:-૨૦૧૯-૨૦ ના વર્ષમાં ચાર માસ માટેના લેખાનુદાનમાં સમાવેશ થયેલ ચાલુ યોજનાઓ કે જેનો સમાવેશ વાર્ષિક યોજનામાં થયો છે અને યોજનાના સ્વરૂપમાં કોઇ ફેરફાર ન થયો હોય તેવી યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજુરી મેળવવા અંગેની જોગવાઈ છે.

ઉક્ત ઠરાવના અનુસંધાને આ વિભાગની ફાઈલ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૮/૨૦૧૧૧૮/બ તથા ફાઈલ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૮/૦૨૧૨૧૮/બ ઉપર અનુક્રમે નાણા સલાહકારશ્રીની તેમજ અગ્ર સચિવશ્રીની તા.૦૮/૦૩/૨૦૧૯ અને સચિવશ્રી, (ખર્ચ), નાણા વિભાગની તા.૧૨/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે સને ૨૦૧૯-૨૦ ના વર્ષના લેખાનુદાનમાં સમાવિષ્ટ ચાલુ બાબતોને ઉક્ત નાણાંકીય વર્ષના ચાર માસ માટે વંચાણે ક્રમાંક-(૨) ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

ઉપરોક્ત લેખાનુદાનમાં સમાવિષ્ટ ચાલુ બાબતોની યોજનાઓમાં સને ૨૦૧૯-૨૦ ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં કોઈ ફેરફાર થયેલ ન હોઈ ૨૦૧૯-૨૦ ના નાણાંકીય વર્ષના આગળના આઠ માસ માટે આ વિભાગની ફાઈલ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૮/૨૦૧૧૧૮/બ તથા ફાઈલ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૮/૦૨૧૨૧૮/બ ઉપર અનુક્રમે નાણા સલાહકારશ્રીની તેમજ અગ્ર સચિવશ્રીની તા.૦૯/૦૮/૨૦૧૯ અને સચિવશ્રી, (ખર્ચ), નાણા વિભાગની તા.૧૪/૦૮/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આગળના પૃષ્ઠ પર દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**(જી.પી.પટેલ)**
**નાયબ સચિવ (બજેટ)**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

<u>નકલ રવાના:</u>

- મા. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મા. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મા. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- મા. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા. રા.ક. મંત્રીશ્રી (સા. અને શૈ.રીતે પછાતવર્ગો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ વિભાગના બાંધકામની બાબતો માટે)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.
- અશકતતા આયુકતશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાતવર્ગોનું પંચ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગાંધેનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર..
- ઉપ સચિવશ્રી, (રોકડ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગ હેઠળના તમામ બોર્ડ/નિગમો,
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબ સાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ.